# કમઠાણની પાત્રસૃષ્ટિ

શ્રીમાળી દીપકકુમાર ખેમાભાઈ
શોધછાત્ર,પીએચ.ડી.,હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ.

સંજય ચૌહાણ વર્તમાન સમયના ઉત્તમ વાર્તાકારોની હરોળમાંના એક વાર્તાકાર છે.તેમેણે એના શહેરની એકલતા,થુંબડી અને કમઠાણ જેવાં શ્રેષ્ઠ વાર્તાસંગ્રહો આપ્યા છે. 'કમઠાણ' વાર્તાસંગ્રહમાં બધી જ વાર્તાઓ દલિતવાર્તાઓ છે.ગ્રામજીવનમાં દબાયેલા,શોષિત,વંચિત અને કચડાયેલા દલિતવર્ગને વાચા આપવાનું કાર્યવાર્તાકાર શ્રીસંજયચૌહાણે કર્યું છે.આ વાર્તાસંગ્રહમાં દલિત સમાજની ઊર્મિઓને,તકલીફોને,પીડાને,વેદનાને અને જ્ઞાતિવ્યવસ્થાને ઉજાગર કરતી એકબીજાથી ભિન્ન પ્રકારની કુલ ૧૩ વાર્તાઓનો સમાવેશ થયેલ છે. 'કમઠાણ'માં જોવા મળતા પાત્રો પોતાનું આગવું અસ્તિત્વ ધરાવે છે.દરેક પાત્ર પોતાની અલાયદી રીતથી પોતાનું સ્થાન જાળવી રાખે છે.વાર્તાકારશ્રી સંજય ચૌહાણ દ્વારા અહિ આદર્શ પ્રકારની પાત્રસૃષ્ટિ નિર્માણ પામેલ છે એમ કહી શકાય.

'પેંતરો'વાર્તામાં ઉમેદ ચમાર –વાર્તાનો નાયક. સત્યપ્રેમી અને સ્પષ્ટવક્તા. 'વોટ લેવા હોય તો ઘર સુધી આવવું પડે'(પૃ.૩)-આ વાક્યમાં ઉમેદની નીડરતા સ્પષ્ટરૂપે જણાઈ આવે છે. 'ચામુંડા માતાના રમતાં મૂકેલા બકરાને હલાલ કરી વાઢી ખાવો અને ઉમેદ ચમારને આ કૃત્યમાં સંડોવવો.બધું જ ઉમેદના માથે ઢોળી દેવું.' –આવી ખરાબ દાનત રાખનાર ભેમો. જુની અદાવતનો બદલો લેવા ભેમાએ દાના અને રતિયાને પણ પોતાના પાપના ભાગીદાર બનાવ્યા. 'ભેમાએ મનમાં મોટી ગાળ કાઢી.છાતીમાં દેતવા સળગ્યો –ભૂખ તો સમજ્યા લ્યા .મારે તો વેર વાળવું છઅ..' (પૃ.૬)અહિ નાયક કરતાં ખલનાયક તરીકેનું ભેમાંનું પાત્ર ખૂબ જ ચડિયાતું થઈ પડે છે.

'લાશ'વાર્તામાં વાલ્મીકિ જાતિના નિર્ભિક પાત્રો - લવજી અને મનોર.સરપંચ દ્વારા એક ગાંડાની લાશને રાતોરાત સ્મશાને પહોંચાડવાનું કામ લવજીને સોંપાય છે.લવજી મનોરને સાથે લઈને લાશને લઈ સ્મશાન જવા ઉપડે છે.ત્યારે તેમનાં સંવાદ દ્વારા પાત્રો વધુ ઉજાગર થાય છે. લવજી – 'માણસ તો દિયોર ભૂતથીય ભૂંડા'(પૃ.૧૩) દારૂ પીધેલ હાલતમાં મનોર લવારે ચડેલો-'આવો લ્યાં ભૂતડાં ...દિયોર અમારાથી અભડાવ છો?'(પૃ.૧૩) મનોરે ભોગવેલ આભડછેટની વેદના દર્શાવે છે.થોડા દિવસ પહેલા વાલ્મીકિઓને સવર્ણો દ્વારા ખૂબ માર મારવામાં આવેલ તેની વેદના બહાર નીકળે છે.મહારાજનું પાત્ર આ વાર્તામાં મહત્વનું પાત્ર બને છે.મહારાજ :-'પેલા આની જાત બતાવો તો જ આ સ્મશાનમાં બાળવા દઉં.'(પૃ.૧૮)આ શબ્દો દ્વારા આભડછેટ રાખનાર બ્રાહ્મણ –મહારાજનું અસલ પાત્ર ઉપસી આવે છે.

'છબી'વાર્તામાં એક દંપતિ પણ વિચારોમાં પૂર્ણ વિરોધાભાસ.કરશન એટલે આધ્યાત્મિકતાનું પ્રતિક.ધાર્મિક અને શ્રદ્ધાળુ . કરશન સાવ ભક્ત,ભજનનો શોખીન.કોઈ બાપજી આવવાના હોઈ ખૂબ ઉત્સાહમાં આવી ગયો છે. 'કહુ સુ ઘર ચોખ્ખું ચળક કરી દે.બાપજી આવશી કે તરત એમનાં પધરામણા આપણે ઘરે કરવાના સે.ગામમાંથી સહું શાહુકાર એમનાં દર્શન કરવા આવશી.'(પૃ.૨૨) જ્યારે બીજું પાત્ર એટલે કરશનની પત્ની મઘી.મઘી થોડું ભણેલી.ઉપરથી સાવ નાસ્તિક.વળી શહેરમાં રહેલી.અવાર-નવાર આંબેડકરના કાર્યક્રમોમાં જતી હતી,એને થયેલું આ બાપજી-ફાપજી આપણા માટે નકામા.બાપજીની વાત થતીને એનો પિત્તો સાતમા આસમાને પહોંચી જતો. 'ઓમ તો પીટ્યા અભડાઈ મારે સે.ને બાપજી આવશી તો શું લુમ્બ લેવા આવશી ?'મઘી ફૂલીને ભફ્ફ.(પૃ.૨૨) 'શું કરવો સે લાઈને ? આપણો તો એક જ બાપજી .. આંબેડકર. બાકી બધા ધુતારા..' (પૃ.૨૨) દંભી અને ઢોંગી મહંત બાપજીનું સાચું ચિત્ર કરશન સમક્ષ લાવનાર સતદાન ગઢવીનું પાત્ર ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. 'આ તો ધુતારો સે. કાલનો મું નોકરી કરું સું તે હોટલમાં રોકાયો સે. હોટલનું જ ખાય સે.થમસપ સિવાય પીતો

નથી.માળો તને છેતરી ગયો.'(પૃ.૨૭) બાપજી પણ અમરસિંહના ઘરે જાય છે પરંતુ કરશનન ઘરે આવવાની ના પાડતા તે પાંખડી બાપજીને ઓળખી જાય છે.તેનાં મનમાં ધમાસાણ ચાલે છે.આઘાત લાગવાથી હતાશ થઈ જાય છે.ઘરમાં જઈને દિવાલ ઉપર લટકાવેલી બાપજીની છબી ઝાટકા સાથે જમીન પર પટકે છે.પાત્રો દ્વારા રહસ્યસ્ફોટ કરવામાં લેખકે કલમને સરસ અજમાવી છે. 'વાંક'વાર્તામાં ભાસાહેબનો રૂઆબ.જાગીરદારનો ઠાઠ.પ્રભાવશાળી પાત્ર.ગુસ્સો તો જાણે નાકના ટેરવે હોય.ખૂબ ક્રોધી અને હિંસક એવું પાત્ર.ચમન મેઘવાળ મહેમાન આવવાના કારણે કીધા વગર ઘરે ગયો.રોઝડા ખેતરનો પાક ખાઈ ગયા.ત્યારે ભાસાહેબે વગર વિચાર્યે મેઘવાળવાસમાં આવી ચમનને ચાબૂકથી ખૂબ ઢોરમાર મારે છે.અહિ વાર્તામાં કથાનાયકનું પાત્ર મહત્વની ભૂમિકામાં છે.નાનાસાહેબ સાથે ફરવા નીકળ્યા અને નાનાસાહેબને મેઘવાળવાસમાં જવાની ના કહેવા છતાં જઈ ચડ્યા.આ સમયે કથાનાયકની સ્થિતિ કફોડી બને છે.કથાનાયકને એમ લાગે છે કે હવે મેઘવાળ ભાસાહેબનો બદલો લેશે. એ વિચાર્યે એ સીધો દોડતો ભાસાહેબને જાણ કરે છે મેઘવાળોનું નામ સાંભળી ભાસાહેબ પૂરા હલબલી ગયા.ડેલી ભણી હડી કાઢતાં તાડુક્યા, 'પ્રધુમન..ચેલાજી.ચાલો મારી સાથે..જલદી..'(પૃ.૩૧) આ સમયે કથાનાયકનું મનોમન ડરવું . જો કોઈ ઘટના ઘટી તો મારું આવી બન્યું. મારા રામ રમી જવાના છે.આ કથાનાયકના પાત્ર દ્વારા વાર્તાકારે ડર –ભયની ચરમસીમા બતાવી છે. જ્યારે નાનાસાહેબનું પાત્ર આખું અલગ જ પ્રકારનું બતાવ્યું છે.વડોદરાથી ઉચ્ચ અભ્યાસ કરીને આવ્યો હોવાથી તેનામાં માનવીય સંવેદનાના ગુણ જોવા મળે છે.જયારે પોતે સ્વીકારે છે કે ચમનના કારણેજ એનો જીવ બચ્યો છે.તે સંહારક નથી પણ તારણહાર છે.ત્યારે ચમનનું પાત્ર એક ક્ષમાવાન ,દયાવાન અને ઉદાર ચરિત્ર તરીકે ઉપસી આવે છે.

'વારો'વાર્તામાં કચરો કે જે ચામડું ઉતારવાનું કામ કરે છે.ભૂતકાળમાં તખતસિંહ દ્વારા માર ખાધેલ અને અપમાનિત થયેલ કચરો.સમય આવ્યે આ તખતસિંહનો વારો લેવો અને પાઠ ભણાવવો –આવી મગજમાં ગાંઠ મારી હતી.તખતસિંહને સમયની થપાટ લાગે છે અને આર્થિક રીતે પડતી આવતાં હાલ રિક્ષા ચલાવે છે.આર્થિક તંગીને કારણે એ હવે લાચાર થઇ ગયો છે. જેનાથી અભડાય છે તેને રિક્ષામાં બેસાડી મરેલું પાડું લેવા બીજા ગામ જવા તૈયાર થઈ જાય છે.તખતસિંહ બોલી ઉઠયા, 'તે હેડાં કઅ મું આવું...ઈમઅ હું ભલા આદમી.... આતો ધંધો સઅ.. મારઅ તો ભાડાથી મતલબ રિક્ષા તો ધોવાઈ જાય.(પૃ.૪૩) કચરો – 'આજ લાગ આયો સઅ..ઈની બુન્ન ..જેવું બબડી કચરો હળુક દેતાંક રિક્ષામાં ચડી બેઠો.'મલેકપુર ગયા બાદ કચરાનું સ્વયં હ્રદયપરિવર્તન થાય છે. 'હાળું જાગીરદારનો છોકરો રિક્ષા ફેરવતો થઇ ગયો ઈનાથી મોટી સજા હું ?ભગવાનય મારો વાલો ચ્યાંક બેહ્યો બેહ્યો પૂરેપૂરો ન્યાય કર જ સઅ....'(પૃ.૪૬) અહિ કચરો તખતસિંહને મનોમન માફ કરી એક મહામાનવ બની જાય છે.

'કમઠાણ' વાર્તામાં મોલ્લાનું પાત્ર ગજબનું છે.એકદમ નફિકરો,તકને ઝડપનાર અને શક્તિશાળી પાત્ર.ગાયકવાડ સરકારે બંધાવેલ બારુન્ડાના કૂવાને એક છલાંગમાં કૂદી જનાર ગામનો એક માત્ર યુવાન. 'થૂંકેલું ગળવાની આદત નથી.કીધું એ કીધું વળી' – રુઆબદાર રીત છે એની.ઓટલા પર બેઠા બેઠા મોલ્લો મનોમન હસી રહ્યો હતો.દિયોર કેવા લાગમાં આયાશી.આખા ગામનાં મોટાભા થઇ ફરીશી.તમાન આજે ભમાવું ના તો મારું નામ મોલ્લો નઈ.ગામની દીકરીને બચાવવા જતાં ગામની અસ્પૃશ્યતાનો ભોગ બનેલો.તેને દંડ કરાવવામાં કમશીનો જ હાથ હતો. આજ કમશીના ઘરે ભેસ મરી હોવાથી તે લાગમાં આવ્યો છે. વાર્તામાં કમશીનો બદલો લેવાનો નાયક મોલ્લો અદભૂત આનંદ અનુભવે છે.

'ઠરાવ'માં વાર્તાનો નાયક રઘો.સ્વાભિમાની વ્યક્તિત્વ .જી.આઈ.ડી.સી.ની નોકરીમાં રકઝક થતાં નોકરી છોડી.પોતાનો પરંપરાગત ધંધો સંભાળ્યો હતો.ગામનાં દરેક કામમાં રઘો હંમેશા તૈયાર.પંચાયતમાં બે વર્ષથી દિવસ-રાત સેવા આપતો હતો.સરપંચ પરબત પટેલે રઘાને પંચાયતમાં પટાવાળા તરીકે લેવાનો ઠરાવ પણ કરેલ.પરંતુ સત્તા પરિવર્તનથી પરબત પટેલ સરપંચ તરીકે રહ્યો નહીં અને રઘાન અરમાન રોળાઈ ગયા.સેવાવ્રતી રઘાના પાત્રનું ઉત્તમ નિરૂપણ કરેલ છે.

'રંગ'વાર્તાનું મહત્વનું પાત્ર એટલે દેવજી પરમાર.ગુજરાતી વિષયના પ્રોફેસર.વિદ્યાર્થીઓને યોગ્ય દિશા ચીંધનાર.ગાઈડ,ફ્રેન્ડ અને ફિલોસોફર કહી શકાય.કોઈ લાલશા વિના વિદ્યાર્થીની સ્મિતાને પ્રોફેસર બનાવાવા અનેક પ્રયત્નો કરનાર દેવજી પ્રોફેસર.સરળ અને સાદું જીવન.ચા જેવું પણ વ્યસન નહિ.આ નિઃસ્વાર્થ ગુરુને તેની વિદ્યાર્થીની સ્મિતા દ્વારા આઘાત લાગે છે.સ્મિતા અન્ય પ્રોફેસરને ચા પીવા બોલાવે છે.માત્ર દેવજી સરને નહીં કારણ દેવજી સર દલિત છે.

વાર્તાનું અગત્યનું બીજું પાત્ર એટલે સ્મિતા.જર દેવજીની વિદ્યાર્થીની છે.ભણવામાં હોંશિયાર.દેવજીની પ્રેરણાથી એને પણ લેકચરર બનવાની ઈચ્છા થઈ હતી.દેવજીએ તેને ખૂબ મદદ કરેલી ત્યારે સ્મિતા ખુદ કહી ઊઠેલી –'સાહેબ તમે ન હોત તો હું બી-પ્લસ કે એમ.ફીલ. ન થાત.'(પૃ.૬૫) એને પીએચ.ડી કરવા પણ દેવજી સરે સમજાવેલી.આજે તે પ્રોફેસર બની ગઈ છે પણ દેવજી સરના ઋણ ભૂલી ગઈ છે.કેમકે તેને હવે ખબર પડી છે કે દેવજી સર દલિત છે.આ જાણ્યા બાદ તેનો રંગ બદલાઈ ગયો.આ વાર્તામાં બે વિરોધી પાત્રો છે એક કૃતઘ્ની અને એક કૃતજ્ઞી.

'વટ' વાર્તામાં વિવિધ પાત્રો જેવાકે મુખી,કથાનાયક,રાજા,સૈનિક હિંમતસિંહ,સેનાપતિ અને દેવો.આ બધામાં હિંમતસિંહનું પાત્ર ખૂબ અસરકારક છે.સૈનિક હોવા છતાં તેનો વટ સેનાપતિના જેવો છે.હિંમતસિંહ ઘોડો થોડો આગળ લઈ આવ્યો,એની લાલઘુમ આંખો અને વિકરાળ ચહેરો ભલભલાને ભેટા મારે એવો દેખાતો હતો.પહાડી શરીર પર સૈનિકનો પોષાક એને બરોબર બંધ – બેસતો હતો.દલિત સમાજના લોકોએ મુખીનો જે અત્યાચાર સહન કર્યો હોવાથી તે વેઠ કરવાની ના પાડે છે.તેઓ મક્કમ છે. – 'ના અમને ન્યાય ન મળે ત્યાં સુધી અને અહીંથી હલવાના નથી.'(પૃ.૭૦)આ વાર્તામાં સત્તા સામે સામાન્ય માણસોની ઉગ્ર લડત છે.

'વળાંક' વાર્તામાં સફાઈ કામદાર ભેમો.ભેમો વૃદ્ધ થયો છે.શારીરિક સ્વાસ્થ્ય પણ કથળ્યું છે.એક જમાનામાં ગમે તેવી ગટર ઉભરાયેલી હોય તે ચપટી વગાડતા જ તેનો નિકાલ લાવી દેતો.હાલ પોતે પથારીવશ હોવા છતાં લોકોને ગંદકીમાંથી મુક્તિ આપવા સફાઈનું કામ કરે છે.કેશાજીના અપમાનથી તેને ખૂબ દુઃખ લાગ્યું છે. 'ભેમાના દીમાગમાં એજ વાત નથી ઉતરતી કે કોઈ ન કરી શકે એવું કામ કરવાનું તોય કેશાજી જેવા છાંયડે બે ઘડી ઊભોય રહેવા ન દે,ઉપરથી તાડૂકી ઊઠે કે આગો ખસ.તે દિયોર કેશાજી અમે છાંયડેય ન ઊભા રહી શકીએ ? બસ તમારી ગટરો સાફ કરીએ તો જ સારા ?એમાં ને એમાં તો આ શરીર રોગનો રાફડો થઈ ગયું.શું ભાળ્યું લ્યાં અમે જીવતરમાં ? આ ટીન-ટીન ટકોરો વગાડતા હેડ્યા ને તોય તમારે મન અમારી કોઈ ગણતરી જ નહી ?'(પૃ.૮૧) આટલું સહન કર્યા બાદ છેલ્લે પરમાર્થને કારણ બધું ભૂલી ભેમો ગટર સાફ કરી આપે છે.ભેમો માફ કરનાર ઉદાર પાત્ર તરીકે ઉભરી આવે છે.

'ગરજ'વાર્તામાં મંછો ખૂબ જ પરિશ્રમ કરનાર પરંતુ અંતે સરકારી નિયમોનો ભોગ કામદાર છે.સરકારી દવાખાનામાં કાયમી નોકરી થઈ જશે તેની આશામાં રાત –દિવસ ખૂબ મજુરી કરી.ગંદી લાશના પોસ્ટમોર્ટમ કરવાનું કામ,ગોબરાં લોકોના ડ્રેસિંગ કરવાનું કામ કે પછી ગામ આખાયમાં દવા છાંટવાનું કામ.છતાં પણ કોન્ટ્રાક્ટ પદ્ધતિ આવવાથી ડૉ.કેશવચંદ તેને પગાર આપ્યાં વિના કાઢી મુકે છે.સમય જતાં એકવાર ડૉ.કેશવચંદને મંછાની ગરજ પડે છે.એક ગંદી લાશના પોસ્ટ મોર્ટમ માટે તેને બોલાવે છે પણ મંછો તકનો લાભ લઈ ત્યાંથી ફરાર થઈ જાય છે.ત્યારે તેનું મૂલ્ય અંકાય છે અને મંછાને પણ આવું કર્યાનો આંનદ થાય છે.

'વરંડો'વાર્તામાં અનામતને લીધે ગામનાં સરપંચ તરીકે દલિત નારણ ચૂંટાય છે પણ ગામ આખું બિન-અનામત સીટ પર ચૂંટાયેલા ઉપસરપંચ પથુજીને જ સરપંચ માને છે.વાસના મંદિરની સાથે ગામનાં મંદિરમાં પણ જતો થયેલો નારણ મને છેકે 'જમાનો બદલાઈ ગયો,હવે લોક ક્યાં અભડાય છઅ ?' પણ એનો ભ્રમ ભાંગે છે.ગામના મંદિરના પૂજારી પ્રત્યે રાખેલી શ્રદ્ધાનો ભંગ થાય છે.પોતે મંદિરમાં આપેલી પચાસ રૂપિયાની રેવી દ્વારા તેને પરત મળે છે ત્યારે તેની આંખો ઉઘડે છે.પોતે ગામના મંદિરને જે દાન આપવાનો હતો તેનો ઉપયોગ પૂજારી વરંડો બનાવવામાં કરવાનો હતો.તો હવે તેની આંખો ખૂલતાં તે વાસનો પોતાના ખર્ચે બનાવવા તૈયાર થાય છે.-'લ્યો હેંડાં દલા,મૂળદા! ઈટો રખાઈ છં લેવા.વરંડો ચણી લઈએ.કોઈ ઉઘરાણું નથી નાખવું.ખર્ચો બધો મારો..'(પૃ.૧૦૪)અહીં નારણ જાણેકે આભડછેટ સામે બંડ પોકારતો હોય તેવી પ્રતીતિ થાય છે.પોતના લોકો માટે કઈક કરવાની તત્પરતા દાખવે છે.

'બળતરા'વાર્તામાં મુખ્ય પાત્ર કેતન.કેતન નગરપાલિકાનો ચીફ ઓફિસર.પોતે ગરીબ પરિવારમાંથી ખૂબ મહેનત કરીને ઓફિસર બનેલો.જીવનમાં તડકા છાંયડા જોયેલા.એક પ્રામાણિક અધિકારી તરીકે ડર્યા વગર નોકરી કરતો હતો.મદારજીની ધમકીથી પણ ક્યારેય ન ડર્યો હતો.ગરીબ ખેડૂત પસામાં તેના પિતાના દર્શન થાય છે.અને તેનો યોગ્ય ન્યાય કરી તેને જમીન અપાવે છે.પસાનું પાત્ર દલિતસમાજના એક પ્રતિક તરીકે ઉપસી આવેછે કે જેમની પાસેથી કથાકથિત સવર્ણોએ ધાક-ધમકીથી જમીનો પડાવી લીધી

છે.- 'સાહેબ મેં તો મારા જીવતરમાં કોઈનું બગાડ્યું નહીં.સૂનું રોડુંય મું અડ્યો નહીં.નઅ મારું ખાલું પચાવી પાડવા મદારજી ઊભો થયો છઅ. ઈનઅ કુણ સમજાવઅ ?'(પૃ.૧૧૧)

'કમઠાણ'વાર્તાસંગ્રહમાં દરેક વાર્તાના પાત્રોની વિવિધતા છે.દરેક પાત્ર પોતાનું આગવું અસ્તિત્વ લઈને આવે છે.દરેક પાત્ર વાચકને પકડી રાખે છે-જકડી રાખે છે.વાર્તાકારની પાત્રાલેખન કલા ગજબ છે.દરેક પાત્રની ગતિવિધિ ,ક્રિયાઓ,તેની ભાષાશૈલી વિશિષ્ટ છે.દરેક વ્યક્તિત્વનું યથાર્થલક્ષી ચિત્રણ થયેલું જોવા મળે છે.પાત્રના આબેહૂબ વર્ણનને લીધે પાત્ર નજર સમક્ષ સાક્ષાત તરી આવે છે.લેખકે કરેલા દરેક પાત્રની છણાવટ એ ખૂબ જ સરાહનીય છે.૧૩ વાર્તાઓ પૈકી એક પણ વાર્તામાં પાત્રસૃષ્ટિ નીરસ બનતી નથી.